
पुना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# *Grade –VI*



# ***Gujarati***

# ***Specimen copy***

# ***Year- 2022-23***



# અનુક્રમણિકા


| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 1 | ખિસ્સામાં પહેલવાન ? હા | 2 |
| 2 | તેને તે ઉગશે ? | 6 |

## પાઠ-૧ ખિસ્સામાં પહેલવાન ? હા

### ❖ અઘરા શબ્દો

૧ .નાનકડું

૨.રખડું

૩ .મોઢું બગાડવું

૪ .ગંદુ

૫.વાતેચ

૬ .રોફ

૭ .હાંકી કાઢવું

- ### શબ્દાર્થ

૧ .નાનકડું -નાનું

૨ .રખડું - ફરવું

૩ .ગંદુ -ખરાબ

૪ .વાતેચ -વાત

૫.રોફ –અભિમાન

સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો

૧ .બુસ્કોટભાઈ એ ખિસ્સા ને કેવું કહ્યું ?

જ .બુસ્કોટભાઈ એ ખિસ્સાને રખડું ,ગંદુ,અને ગંધાતું ક્યુ .

૨ .ખિસ્સું સૂરજદાદા થી કેમ ડરી ગયું ?

જ .ખિસ્સું સૂરજદાદાની લાંબી લાંબી મૂછો જોઈને ડરી ગયું.

૩. ખિસ્સા પર કોણે વ્હાલથી હાથ ફેરવ્યો ?

જ. ખિસ્સા પર સૂરજદાદા વ્હાલથી હાથ ફેરવ્યો

૪ .ખિસ્સાની કરચલી કોણે દૂર કરી આપી ?

જ.ખિસ્સાની કરચલી ધોબીભાઈએ ઈસ્ત્રી ગરમ કરી ,તેના પર ફેરવીને દૂર કરી આપી .

નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો

૧ .ખિસ્સું કેટલી વાર રડે છે ?

જ.ખિસ્સું બે વાર રડે છે .બુશ્કોટભાઈએ એને ગંદુ ,ને ગંધાતું કહ્યું ત્યારે અને દરજીભાઈ એ એને દુકાનમાંથી હાંકી કાઢ્યું ત્યારે તે રડે છે .

૨ .ખિસ્સાને કોણ કોણ રાજી કરે છે ? કઈ રીતે ?

જ..ખિસ્સાને સૂરજદાદા સૂકવીને રાજી કરે છે .દરજીભાઈ તેને નીરજભાઈ ના બુશકોટ પર ચોંટાડીને રાજી કરે છે .ધોબીભાઈ તેની કરચલીઓ પર ઈસ્ત્રી ફેરવીને કરચલીઓ દૂર કરીને રાજી કરે છે .

૩ .ધોબીભાઈ કાકાનો સ્વભાવ ગુસ્સાવાળો છે કે માયાળુ તમને કઈ વાતથી ખબર પડી ?

જ.ધોબીકાકાનો સ્વભાવ માયાળુ છે . .ખિસ્સું રડતું રડતું એમની પાસે આવ્યું ત્યારે ધોબીકાકાએ કહીંયુ ,"એમ

વાત છે ? અહીં આવ તારી કરચલીઓ ચપટી વગાડતા માં છું કરી દઉં ."આ વાતથી ખબર પડી કે ધોબીકાકામાયાળુ છે.

### ❖ વ્યાકરણ

નીચેનાશબ્દોનાસમાનાર્થીશબ્દોલખો .

૧.આધુ =દૂર , છેટું

2.ભીજાવું = પલળવું

૩.નિરાંત =ફુરસદ

૪.અતિશય =ઘણુંજ ,પુષ્કળ

૫.કડક = કઢણ

૬.બચકું =કરડવું

નીચેના વાક્યો માંથી ક્યુ વાક્ય સાચું છે અને ક્યુ ખોટું તે જણાવો .

૧. ખિસ્સાના આંસુ થી તળાવ ભરાઈ ગયુ. = ખોટું

૨. દરજીભાઈ એ ખિસ્સાને સુકવી નાખ્યું . = ખોટું

૩. ધોબીભાઈ એ ખિસ્સાને 'થેકહ્યું 'કહ્યું . = ખોટું

૪. ખિસ્સાને નીરજભાઈ ના બુશકોટ પર બેસવાની મજા પડી.= સાચું

નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો

૧. "એય ,બચુડા ,બીશ નહીં ". -**<u>સૂરજદાદા</u>**

૨. "મને તમારી સાથે બહુ ગમે છે ".-**<u>ખિસ્સું</u>**

૩. "હવે તું  વહાલું   વહાલું લાગે  છે ,બચુકડા ".-**<u>સૂરજદાદા</u>**

૪. "આટલું બધું રડે છે કેમ ? તને કોણ વઢીયું ?" - **<u>ધોબીભાઈ</u>**

૫. "ચાલ ,બેસીજા નીરજભાઈના બુશકોટ પર "-**<u>દરજીભાઈ</u>**

નીચેની ખાલી જગ્યા પૂરો

૧. **<u>સૂરજદાદા</u>** ને લાંબી લાંબી મૂછો હતી .

૨.ખિસ્સું **<u>નીરજભાઈના</u>**  બુશકોટ પર ચોંટી ગયું .

૩.**<u>દરજીભાઈ</u>** એ  ખિસ્સાને દુકાનમાંથી હાંકી કાઢ્યું .

૪.ખિસ્સાની કરચલી **<u>ધોબીભાઈ</u>** એ દૂર કરી .

નીચેના વિષય પર નિબંધ લખો .

- **મારુ પ્રિય વસ્ત્ર**

મારા જન્મ દિવસે મને નવું શર્ટ મળ્યું છે .તે આસમાની રંગનું  છે .તે સુતરાઉ છે .તેના પર હાથ ફેરવું ત્યારે મને તેનો મુલાયમ સ્પર્શ ખુબ ગમે છે .હવે તો જયારે મારે શુભ પ્રસંગે બહાર જવાનું થાઈ ત્યારે  મારી  પહેલી પસંદગી આ શર્ટ ની જ રહે છે .તે કોઈ પણ પેન્ટ સાથે મેચ થઈ જાય છે .અને ધોવામાં  કોઈ વિષેસ કાળજી રાખવી પડતી નથી .હા ,ધોયા પછી ઈસ્ત્રી કરવી જ પડે .તે શર્ટ પહેરવાની ગરમીમાં ખુબજ રાહત રહે છે .તેથી તે મને ગમે છે .

પ્રવૃતિ-     તમને ગમતા વસ્ત્રો નું ચિત્ર દોરો



## પાઠ- ૨. તેને  તે ઉગશે ?

### ❖ અઘરા શબ્દો

૧. પહાડ

૨. ભમવા

૩. હોંશે હોંશે

૪. પ્રેમ

૫. વંડી

૬. હોશિયાર

૭. ચકિત

૮. સહેજ

૯. ભટકાય

૧૦. નવાઈ

૧૧. મહેનત

૧૨.હરઘેલી

- શબ્દાર્થ

૧. પહાડ -પર્વત

૨. પ્રેમ - દયા

૩. ચકિત -આશ્ચર્ય

૪. ભટકાય -અથડાય

૫.હરઘેલી -ખુશખુશાલ

૬.સહેજ –પરિશ્રમ

❖ સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો**

૧. કોની કલગી સૌથી સારી છે ?

જ.મોરની કલગી સૌથી સારી છે .

૨. કોઈ પણ બે પક્ષીઓના અવાજ લખો .

જ. ચકલી :'ચી ...ચી ...',કાગડો :'કા......કા...'.

૩. કુકડી ને કોણ કોણ પ્રોત્સહન આપતું હતું ?

જ. કુકડીને પછીથી કાબરે પ્રોત્સહન આપ્યું .

૪. કુકડી કઈ -કઈ બાબતો માં હોશિયાર હતી ?

જ.કુકડી ઈંડા વેચવામાં ,ચણ ચણવામાં ,બચ્ચા સાચવામાં અને એમને ચણ વીણતાં શીખવામાં હોશિયાર હતી

૫. કાબરે કુકડી ને શા સમાચાર આપ્યા ?

જ. કાબરે કુકડી ને સમાચાર આપ્યા કે કુકડી, તો ખરી ,તનેય માથે કલગી ઊગી છે !

**પ્રશ્ન -૨ નીચેના પ્રશ્નો ના સવિસ્તાર જવાબ લખો**

૧. કુકડીને કઈ બે  વાતે દુઃખ હતું ?

જ. કુકડીને બે  વાતે દુઃખ હતું :એક તો એ કે એનાથી ઉંચુ  ઉડાતું ન હતું .અને બીજું એ કે એને રંગીન પીંછા ન હતા .માથે કલગી ન હતી અને ગળે લાલ ,પીળા,રંગો ન હતા .

૨ .કુકડી એ પોતાની કઈ અભિલાષા કુકડાને કહી ?

જ .'મારે તો તારી જોડે વડીપર બેસવું છે અને બહારની દુનિયા જેવી છે ' કુકડી   ને પોતાની આ અભિલાષા

કુકડી એ કુકડાને કહી .

૩. કુકડી કોને ધારી  ધારી ને જોયા કરતી ?શું જોયા કરતી ?

જ.  કુકડી કુકડાને ધારી  ધારી ને જોયા કરતી.કૂકડો કેમ પાંખો ફેલાવે છે .પગ સંકોરે છે. કેવી રીતે ધીરે ધીરે ઉંચે ઉડે છે .એ નીરખ્યા કરતી .

### ❖ વ્યાકરણ

**નીચેના વાક્યો ખરા છે કે ખોટા  તે જણાવો .**

૧. કુકડી ને કોઈ વાતનું દુઃખ ન હતું . ખોટું

૨. કૂકડો  કુકડી ની વાત ને હસી કાઢતો હતો . સાચું

૩. કાબરે કાગડાને 'દોઢ ડાહ્યો 'કહ્યો . સાચું

૪. કુકડી ને માથે કલગી ના ઉગી . ખોટું

**કૌસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો .**

૧. કુકડી <u>હોશિયાર</u> હતી .[હોશિયાર ,નબળું ]

૨. કુકડી <u>ખેતર</u> માં ચણ વીંટી હતી .[ખેતર ,ઉકરડા ]

૩. <u>કુકડી</u> ને માથે કલગી ઉગી .[કાગડા ,કુકડી ]

૪. કુકડી <u>વડી</u> પર ચડી .[ઝાડ ,વડી ]

<u>પ્રવૃત્તિ -પાંચ પંખીઓ ના અને પશુઓના ચિત્રો તમારી નોટબુકમાં ચોટાડો .</u>